# એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડરોનાં અભિપ્રાય પર લોકમત

ઓસ્ટ્રેલિયાના લોકો વિવિધ ભૂમિ પરથી આવે છે, ઘણાં ધર્મોનું પાલન કરે છે અને ઘણી ભાષાઓ બોલે છે. એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો ઓસ્ટ્રેલિયાના પ્રથમ નાગરિકો છે અને તેઓ અહિં 65,000 વર્ષો કરતાં વધુ સમયથી રહે છે. પરંતુ ઓસ્ટ્રેલિયાનું બંધારણ તેમના અનન્ય દરજ્જાને માન્યતા આપતું નથી. આ જ કારણથી આ વર્ષના અંતમાં, આપણે લોકમત દ્વારા આપણા બંધારણમાં પરિવર્તન લાવવા અંગે વિચારણા કરી શકીશું. તમામ ઓસ્ટ્રેલિયનોને આપણા બંધારણમાં એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોને, તેમના અભિપ્રાય થકી માન્યતા આપવાની તક મળશે, જે સુનિશ્ચિત કરશે કે તેમને અસર કરતાં મુદ્દાઓ પર તેમને સાંભળવામાં આવે.

## હૃદયપૂર્વકનું ઊલ્લુરુ નિવેદન (Uluru Statement from the Heart) શું છે?

મે 2017માં, 250થી વધુ એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોએ હૃદયપૂર્વકનું ઊલ્લુરુ નિવેદન જાહેર કર્યું હતું. તે આપણને આખા ઓસ્ટ્રેલિયાનું વધુ સારું ભવિષ્ય બનાવવા અને ઓસ્ટ્રેલિયાના બંધારણની અંદર સંસદમાં એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડરોનો અભિપ્રાય શામેલ કરવા કહે છે.

## એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડરોનો અભિપ્રાય એટલે શું?

એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડરોનો અભિપ્રાય એ, તેમને અસર કરતાં કાયદાઓ અને નીતિઓ વિશે સરકારને સલાહ આપવાનો એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો માટેનો માર્ગ છે.

## લોકમત શું છે?

જ્યારે મતદારોને કોઇ પ્રશ્ન અથવા પ્રશ્નોના જવાબ ‘હા’ અથવા ‘ના’માં પૂછવામાં આવે તેને લોકમત કહે છે. ઓસ્ટ્રેલિયાના બંધારણને બદલવાનો એકમાત્ર રસ્તો લોકમત છે.

## લોકમતમાં કોણ મતદાન કરી શકે છે?

ફક્ત મત આપવા માટે નોંધાયેલ લોકો જ લોકમતમાં ભાગ લઇ શકે છે. નોંધાયેલ મતદારો માટે લોકમતમાં મતદાન ફરજિયાત છે.

## હું લોકમતમાં મત કેવી રીતે આપું?

લોકમત ચૂંટણી જેવા જ હોય છે. મતદાનના દિવસે તમે મતદાન સ્થળે જઇને બેલોટ પેપર પર મતદાન કરી શકો છો.

## લોકમતનો નિર્ણય કેવી રીતે થાય છે?

લોકમતને સફળ થવા માટે, તેને બેવડી બહુમતીની જરૂર છે. આનો અર્થ કે, ઓછામાં ઓછા ચાર રાજ્યોમાં અને સમગ્ર ઓસ્ટ્રેલિયામાં બહુમતી મતો.

## એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડરોનાં અભિપ્રાયનો લોકમત ક્યારે યોજાશે?

આ વર્ષના અંતમાં એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડરોનાં અભિપ્રાય પર લોકમત યોજાશે.

## એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડરોનાં લોકમતમાં શું પ્રશ્ન પુછાશે?

"એક સૂચિત કાયદો: એબોરિજિનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર અભિપ્રાયની સ્થાપના કરીને ઓસ્ટ્રેલિયાના પ્રથમ નાગરિકોને માન્યતા આપવા માટે બંધારણમાં ફેરફાર કરવો. શું તમે આ સૂચિત ફેરફારને મંજૂરી આપો છો?"

## આ માહિતી પત્રિકા કોણે બનાવી?

આ તથ્ય પત્રિકા Life Without Barriers, Reconciliation Australia, SNAICC – National Voice for our children, Yes Alliance અને Polaron Language Servicesના સંયુક્ત પ્રયાસ દ્વારા બનાવવામાં આવી હતી. આ ભાગીદારીની રચના, એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડરોનાં અભિપ્રાય પર સુલભ માહિતી ઉપલબ્ધ કરવામાં મદદ માટે કરવામાં આવી હતી.

## હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

The National Indigenous Australians Agency www.niaa.gov.au
SNAICC National Voice for our Children www.snaicc.org.au
Reconciliation Australia www.reconciliation.org.au
First Peoples Disability Network www.fpdn.org.au
Life Without Barriers www.lwb.org.au
Yes 23 www.yes23.com.au
Polaron www.polaron.com.au
Have Your Say www.haveyoursay.net